# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-10-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં સરકારી શાળાઓમાં પ્રવેશ

**રાજ્ય સરકાર દ્વારા છેલ્લા અઢી દાયકામાં શિક્ષણજગતમાં કરાયેલા અનેક સુધારાના કારણે ખાનગી શાળા છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવવાનો ટ્રેન્ડ વધ્યો છે. દર વર્ષે ખાનગી શાળાને ત્યજીને સરકારી શાળામાં આવતા બાળકોની સંખ્યા વધતી જઇ રહી છે. કચ્છ જેવા સરહદી જિલ્લામાં પણ આ પરિવર્તન શિક્ષણજગતના વિકાસનું પ્રતિબિંબ બન્યું છે.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૫૯૭૮ બાળકોએ ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. બાલવાટિકામાં ૯૧, ધોરણ ૧માં ૨૬૪, ધો.૨માં ૭૪, ધો.૩માં ૩૦૧, ધો.૪માં ૩૪૩, ધો.૫માં ૩૨૨, ધો.૬માં ૫૪૭, ધો.૭માં ૩૧૫, ધો.૮માં ૨૩૫ અને ધોરણ.૯માં સૌથી વધુ ૨૧૬૮ બાળકોએ ખાનગી શાળાને તિલાંજલી આપી સરકારી શિક્ષણ પસંદ કર્યું હતું. જ્યારે ધો.૧૦માં ૩૭૮, ધો.૧૧માં ૭૧૩ તથા ધો.૧૨માં ૧૧૦ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો.**

**તાલુકાવાર જોઈએ તો, અત્યાર સુધીમાં અબડાસામાં ૧૬૪, અંજારમાં ૭૩૩, ભચાઉમાં ૪૮૬, ભુજમાં ૧૭૩૯, ગાંધીધામમાં ૧૦૮૨, લખપતમાં ૯૬, માંડવીમાં ૫૬૯, મુંદરામાં ૩૬૮, નખત્રાણામાં ૨૧૭, રાપરમાં ૫૨૪ વિદ્યાર્થીઓ સરકારી શાળામાં પ્રવેશીને શિક્ષણ મેળવી રહ્યા છે. આમ, ૫૯૭૮ બાળકોના વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાવીને રાજ્યની સરકારી શાળાઓ પ્રત્યે પોતાની વિશ્વસનીયતા દર્શાવી છે.**

**------------------------------------------------------------------------------------------**

## વિકાસ સપ્તાહ નલિયા

રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઇ રહી છે જે અન્વયે આજરોજ અબડાસા તાલુકામાં વિકાસ રથના માધ્યમથી નલિયા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારની અગત્યની યોજનાઓનો પ્રચાર-પ્રસાર,સ્વચ્છતાના કાર્યક્રમો, ફિલ્મ નિર્દેશન, લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામો, વૃક્ષારોપણ, વાનગી નિર્દેશન, મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પ જેવા વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ આપવા લાભાર્થીઓને સ્થળ પર જ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે નલિયા ખાતે વર્ષ ૨૦૨૫/૨૬માં વિવિધ યોજનાઓમાં કુલ 25 લાખ 70 હજારની રકમના વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ગઢશીશા પંથકમાં વિકાસકામો

રાજ્યભરમા વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે માંડવી તાલુકાના ગઢશીશા પંથકમાં અંદાજિત આઠ કરોડથી વધારેનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેના હસ્તે કરાયાં હતાં. રામપર-વેકરા- ગંગાજી, જલારામધામ તથા રુકમાવતી નદીનો પુલ અતિજર્જરિત બનતાં રૂા. છ કરોડ, બાવન લાખ, ત્રેસઠ હજારના ખર્ચે નવા પુલનું નિર્માણ કરાશે. તો વેકરા ગ્રામ પંચાયત ભવન કામ માટે રૂા. 25 લાખની મંજૂરી અપાઇ હતી. સાથેસાથે દરશડી ખાતે બિલેશ્વર મહાદેવ મંદિર સુધીના માર્ગનાં રિસર્ફેસિંગ કામ માટે રૂા. બે કરોડ, દસ લાખનાં ખાતમુહૂર્ત સાથેસાથે ગામના આંતરિક માર્ગો તથા શેડ માટે પણ મંજૂરી અપાઇ હતી. આ પ્રસંગે માંડવી વિસ્તારના ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવે દ્વારા તમામ વિકાસકાર્યો પ્રકૃતિને ધ્યાનમાં રાખી કરવા સૂચન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------

## અંજાર નગરપાલિકા બેઠક

અંજાર નગરપાલિકાની ત્રિમાસીક સામાન્ય સભા નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઇ કોડરાણીની અધ્યક્ષતામાં યોજાઇ હતી જેમાં વિવિધ નિર્ણયો કરાયા હતા. બેઠકમાં જી.એસ.ટી. દરમાં ઘટાડા અંગે સરકારના સમર્થનમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. અંજારની આસપાસના રહેણાંક અને ઔદ્યોગિક એકમોનો વિકાસ થયો છે. જે હાલ ગ્રામ પંચાયત અને સીમની હદમાં આવેલા છે. આ વિસ્તારને પાલિકાની હદમાં સમાવેશ કરવામાં આવશે. આ વિસ્તારમાં પાયાની સવલતો આપવામાં આવશે આ ઠરાવની સર્વાનુમતે બહાલી અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મનપા દબાણ હટાવ ઝુંબેશ

ગાંધીધામના નોર્થ વિસ્તારમાં શિવ મંદિરથી લઈને ઝંડા ચોક સુધીમાં વધુ **80** દબાણો દૂર કરવામાં આવ્યા છે અહીં પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવાની છે અને વ્યાપક દબાણો હોવાથી વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. દબાણ હટાવ ઝૂંબેશ અંતર્ગત લગભગ **106** થી વધુને નોટિસ આપવામાં આવી હતી તેમાં ઘણા લોકો એ સ્વેચ્છાએ દબાણો દૂર કર્યા હતા અને મહાનગરપાલિકા દ્વારા મકાનો, ઓટલા, કેબીનો સહિત કાચા પાકા **80** થી વધુ દબાણ દૂર કર્યા છે આગામી સમયમાં પણ આ કાર્યવાહી ચાલુ રહેશે તેમ ગાંધીધામ મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગ દ્વારા **24** કલાક બાદ ગુજરાતમાં વાતાવરણ સુકું રહેશે અને **24** કલાક બાદ ફરી ચોમાસાની વિદાયની ગતિવિધિ શરૂ થવા માટે વાતાવરણ સાનુકૂળ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર મહિનામાં પૂર્વ મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં મહત્તમ તાપમાન સામાન્ય નીચું રહેશે. ઓક્ટોબર મહિનામાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહત્તમ તાપમાન સામાન્યથી ઊંચું રહેશે.

**ઓક્ટોબર મહિનામાં લઘુતમ તાપમાન સામાન્ય તાપમાનથી ઉપર રહેવાની શક્યતા છે.**

**---------------------------------------------------------------------------------------------**

## અદાણી ફાઉન્ડેશન વિકાસકામો

**નવરાત્રીના પર્વની ઉજવણીને અનોખી રીતે યાદગાર બનાવતા, અદાણી ફાઉન્ડેશને મુન્દ્રા, માંડવી અને નખત્રાણા તાલુકાના ગામોમાં ગ્રામ વિકાસના અનેક પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન કરીને ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન પુરૂં પાડ્યુ છે. વવારમાં લાયબ્રેરી, ભદ્રેશ્વરમાં કોમ્યુનિટી શેડ, વાંકીમાં તળાવ ખાણેત્રુ, કાંડાગરામાં ક્રિકેટ ગ્રાઉન્ડ ડેવલપમેન્ટ અને આધુનિક લાયબ્રેરી, નવીનાળમાં એજ્યુકેશન સેન્ટર, મોટા ભાડીયામાં લાઇબ્રી, મુન્દ્રામાં શૈક્ષણિક સંકુલ, બેરાજામાં કોમ્યુનિટી હોલ, ઝરપરામાં ડિજિટલ લાઇબ્રેરી, રમતગમત મેદાન, તળાવ બ્યુટિફિકેશન અને સામુદાયિક શેડના કામો કરવામાં આવ્યા છે.**

**---------------------------------------------------------------------------------------------**